સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

છે એજ જૂની પ્રથા, હિંદુસ્તાન વારસસ્તાન છે,
મળે વારસાગત ટિકીટ એવું કારસ્તાન છે,
રેગીસ્તાન છે પ્રામાણિક - સેવાભાવી નેતાઓનું -
ચાલે છે બધે ઘરની ધોરાજી, ફારસ્તાન છે

હાઈકુ

રાખે આગ્રહ
ને સચવાય સત્તા
વારસાગત...

નિભાવો નાતો -
કાર્યકરોનું કામ -
પટાવો પૂંછ ?!

ચિંતન

ગમ્ભીરાં ઉદધીરિવ ક્�્તું પુષ્યસિ ગા ઇવ ।
પ્ર સુગોપા યવસં ધેનવો યથા હૃદયં કુલ્યા ઈવાશત ॥

ઉપરોક્ત શ્લોક ઋગ્વેદમાંથી લેવામાં આવેલ છે.

સુખ તેમને જ મળે છે, જેઓ સમુદ્ર સમાન અચળ અને ગંભીર બુદ્ધિવાળા હોય છે, જેમનામાં પૃથ્વી સમાન સક્ષા અને પાલનનું સામર્થ્ય હોય છે.

શાસ્ત્રોએ મનુષ્યને નરમાંથી નારાયણ બનવાનો આદેશ આપ્યો છે. આ માર્ગ અપનાવવાથી સંસારમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ આવી શકે છે, પરંતુ આજકાલ તો માણસ પોતે માણસ પણ નથી રહ્યો. મનુષ્યની માનવતા મૃતપ્રાય થઈ ગઈ છે.

નારાયણ કાંઈ બહારથી નથી આવવાના. તે તો પ્રત્યેક મનુષ્યના અંતઃકરણમાં રહેલા છે, પરંતુ તેમની વાત જ આપણે સાંભળતા નથી, એટલે આપણે પોતાની જાતને અસહાય અનુભવીએ છીએ. પરમાત્માએ મનુષ્યને અમર્યાદિત શક્તિ આપી છે. જરૂરી એ છે કે તે પોતાની અંદરના દૈવી ગુણો ને ધારણ કરે, ધીર ગંભીર ભાવથી અવિરત દાન અને પરમાર્થના કાર્યો કરે.

સુવિચાર

- ઉદ્દેશ શુભ ન હોય તો જ્ઞાન પાપ બને છે - **પ્લેટો**
- તોફાનોથી બચવા કરતા એની સાથે તાકાત પૂર્વક લડી લેવું એ બહેતર માર્ગ છે - **દાગ હેમરશિલ્ડ**
- તપ વગર તેજ ન આવે. તમે સારો ખોરાક લો તો મેદ વધે પણ તેજ ન વધે - **નીતિશાસ્ત્ર**
- સારા વહાણ માટે આશા રાખી બેસી રહેવું એના કરતા જે કાંઈ ઉપલબ્ધ હોય તેમાંથી તરત તરાપો બનાવવાનું શરુ કરી દેવું - **મહંમદ માંકડ**
- સત્ય એ હરપળે જાણવા માટે છે તથા કોઈક જ પળે ઉચ્ચારવા માટે છે - **ખલીલ જીબ્રાન**
- પહેલે પગથિયે સુવિચાર, બીજા પગથિયે સુશબ્દ અને ત્રીજા પગથિયે સુકર્મ કરીને તમે સ્વર્ગમાં પ્રવેશ મેળવી શકશો - **પારસી ઉક્તિ**
- આજનું ઔષધ : આંબાના પાનને બાળીને તે ધુમાડો શ્વાસમાં લેવાથી હેકડી બંધ થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

છત્રપતિ શિવાજી ધાર્મિક તથા ચરિત્રવાન હતા. સર્વધર્મ સમભાવ. અને દરેક નારીને મા-બહેન-બેટી સ્વરુપે આદર કરતા. કલ્યાણના કિલ્લામાં શિવાજીને યુદ્ધમાં પીછેહઠ કરવી પડી પણ શિવાજીના બાહોશ સૈનિકોએ ગેરિલા પદ્ધતિથી અચાનક હુમલો કરી. ફરી કલ્યાણ આ વિજય મેળવ્યો. આ વખતે એક નાના ઘરમાં એક મુસ્લિમ નવયૌવના કુરાન શરીફનો પાઠ કરી રહી હતી. તે મરાઠા સૈનિકોના હાથમાં પકડાઈ ગઈ. મરાઠા સરદારે વિચાર્યું કે આ સુંદર નવયૌવનાની ભેટ શિવાજીને આપીશું તો શિવાજી તેમને વિશેષ ઈનામ આપશે. તેથી તે યુવતીને લઈ શિવાજીના તંબુમાં પહોંચ્યો. પેલી યુવતીના હાથમાં કુરાન હતું અને તે ડરતી ડરતી કુરાનના પાઠ કરી રહી હતી. સરદારે શિવાજીને કલ્યાણ કિલ્લા પર વિજયની વધામણી આપી. અને પેલી યુવતી બતાવીને કહ્યું, 'મહારાજ તમારા માટે વિજય ઉપહાર પણ લાવ્યો છું.' શિવાજીએ યુવતીને જોઈ તરત નજર નીચી કરી દીધી અને અતિ ગુસ્સા ભર્યા અવાજે મરાઠા સરદારને હુકમ કરતાં કહ્યું, 'આ આજથી મારી બહેન છે તેને સન્માન પૂર્વક મુગલ છાવણીમાં પહોંચાડી દો. ધાર્મિક સ્થળ, ધર્મગ્રંથ અને બહેન-દીકરીઓના અપમાન કરી કોઈ દિવસ મહાન બની શકાતું નથી.' શિવાજીની આજ્ઞાનું તરત જ પાલન કર્યું.

વડાપ્રધાનનો આત્મવિશ્વાસ સકારણ છે

તંત્રીસ્થાનેથી...

એક ટીવી ચેનલને આપેલ મુલાકાતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ખોંખારો ખાઈને કહી જ દીધું કે આ વખતની ચૂંટણીમાં મારી સામે કોઈ ટકી શકે એમ છે જ નહીં. પાંચ વર્ષ પછી થનારી ચૂંટણીમાં મોદી સામે કોઈ પણ હોઈ શકે છે. એ વખતે જોયું જશે. આવો અડગ આત્મવિશ્વાસ અમસ્તો નથી પ્રગટતો. મોદીએ પાકું અંકગણિત ગણીને એનડીએ ત્રણસોથી વધુ બેઠકો મેળવશે એવી આગાહી કરી છે. એમને ગત વર્ષની વિધાનસભાની પાંચ રાજયોમાં ચૂંટણીઓમાં મળેલ જાકારાની ખબર છે. પરંતુ એ પછી દેશની પવિત્ર નદીઓમાં ઘણાં પાણી વહી ગયાં છે. મોદીને સૌથી મોટો સધિયારો સંઘ પરિવારનો છે જે ચૂપચાપ ગ્રાસરૂટ કક્ષાએ કામે લાગી ગયેલ છે. વળી રામજન્મભૂમિના નામે જે મૂંઝવણ ઊભી થઈ હતી તે પણ શમી ગઈ છે. એવું નથી કે મોદી શાસનનાં પાંચ વર્ષો દરમિયાન પ્રજાના બધા પ્રશ્નો ઉકેલાઈ ગયા હોય. પ્રશ્નો તો ઊલટાના વધુ ગૂંચવાયા છે. જીએસટી અને નોટબંધીથી પેદા થયેલી નકારાત્મક ઈમેજ એમણે ઘણી નડે એવી શક્યતા હતી જ. રાફેલ ખરીદી સંદર્ભે પણ પ્રજાના મનમાં શંકા પેસી ગઈ હતી. પરંતુ પ્રતિકૂળતાને અનુકૂળતામાં પલટાવી જાણે તે જ સાચો રાજકારણી. આ દેશના રાજકારણનો ઈતિહાસ લખાશે ત્યારે આવા અઠંગ રાજકારણીઓની નામાવલીમાં મોદીનું નામ મોખરે હશે. એ ગમે તેવા ઘોડાપૂરમાં સામા પૂરે તરવાની હિંમત ધરાવતા લોકનેતા છે એ મુદ્દે તો એમના વિરોધીઓ પણ સહમત થશે. વળી આ ચૂંટણીમાં એમને ટ્રિપલ સ્ટ્રાઈકને જ ચૂંટણીનો મુખ્ય મુદ્દો બનાવી દઈ સિફતથી વિપક્ષોની હવા કાઢી નાખી છે. ચોકીદાર શબ્દની મજાક ઉડાવવાનું રાહુલ ગાંધીને મોંઘું પડી ગયું છે. મોદીએ બેરોજગારી કે ખેડૂતોના પ્રશ્નો પરત્વે વિપક્ષોના તોપમારા સામે ખેડૂતોનાં ખાતામાં સીધા જ રૂપિયા જમા કરાવીને બોલતી બંધ કરી દીધી છે. બેરોજગાર યુવાનેને પણ ટ્રિપલ સ્ટ્રાઈક વાળા રાષ્ટ્રવાદનો નશો અને ઝનૂન ચડ્યું છે. મોદીની મોડસ ઑપરેન્ડી વિરુદ્ધ નિવેદનો કરનારા એમના છૂપા પ્રતિસ્પર્ધી નીતિન ગડકરી પણ આખરે ઠંડા પડી ગયા છે. કાશ્મીરનીતિની નિષ્ફળતા સામે સર્જિકલ સ્ટ્રાઈક, એર સ્ટ્રાઈક અને છેલ્લે સફળતાપૂર્વક પાર પડેલી સ્પેસ સ્ટ્રાઈક સંરક્ષણની મજબૂત ઢાલ બની ગઈ છે. મમતા અને નાયડુ કે અખિલેશ યાદવની ગઠબંધન કલ્પના વેરવિખેર થઈ ચૂકી છે. કોંગ્રેસ રાહુલ ગાંધીને વડાપ્રધાનના ઉમેદવાર તરીકે આગળ ધરવા લાગી તે જ ક્ષણે બસપાનાં સર્વેસર્વા માયાવતી, તૃણમૂલ નેતા મમતા કે એનસીપીના નેતા શરદ પવારનાં સપના રોળાઈ ગયાં અને મોદી સામે કોઈ એક સક્ષમ નામ ટક્યું જ નહીં. કદાચ જોડતોડ કરીને એનડીએને સરકાર બનાવવી પડે તો નીતિન ગડકરી નાના પક્ષોની પહેલી પસંદ જરૂર બની રહે, પણ હવે જયારે એવી સંભાવના જ નથી રહી ત્યારે મોદીનો આત્મવિશ્વાસપૂર્ણ ઉદ્ગાર વિશેષ સાર્થક બની રહે છે.

ભોજનની નવી પદ્ધતિ

(ગતાંકથી આગળ..)

વાત તો સાચી લાગે છે. પ્રશ્નો ઊભો થાય કે શાકાહારી માણસ માંસાહારી ખોરાક કેમ નથી લેતો. અનેક પ્રકારના તર્ક, વિતર્ક કરી શકાય. પરંતુ ચુસ્ત શાકાહારી માણસ કયારેય પણ

માંસાહારી ખોરાક ખાતા નથી. જયારે માંસાહારી માણસ શાકાહારી ખોરાક લેતાં હોય છે. પણ, પ્રશ્ન હજુ અટકેલો છે કે શાકાહારી માણસો માંસાહારી ખોરાક કેમ નથી લેતા.

પ્રશ્ન ત્યાનો ત્યાં જ છે. તો જવાબ એમ થાય અથવા તો મને લાગે છે કે ખાસ કરીને હિંદુ ધર્મમાં જ માંસાહાર ખોરાકને ન લેવો જોઈએ એવું ફરમાન કરવામાં આવ્યું છે. જો કે મુસ્લિમ ધર્મ પણ માંસાહારી ખોરાકની ફેવર નથી કરતો છતાં પણ ધર્મગુરુઓને જોઈને લોકો ખાતા હોય છે. પણ એવું જોવામાં આવે છે જે લોકો માંસાહાર કરતા હોય એમાં શારીરિક રોગનું પ્રમાણ વધારે જોવામાં આવે છે. તો પ્રશ્ન અહીં વધારે જટીલ થાય છે. કયો ખોરાક લેવો જોઈએ ? પણ હિંદુ સંસ્કૃતિ પ્રમાણે આપણે માંસાહારી ખોરાકને કાયમ માટે અપનાવી શકતા નથી અને માંસાહારી ખોરાક કયાંક લોકો લેતા હોય છે. આમ તો માંસાહારી ખોરાક અથવા શાકાહારી ખોરાક એ બંનેને અગ્નિ ઉપર પકાવ્યા પછી તેમાં મસાલા નાખ્યા પછી ખોરાક સ્વાદવાળો લાગતો હોય છે. કાચું માસ કોઈ ખાતું નથી. માસને ગરમ પાણીમાં ઉકાળ્યા પછી તેમાં તેલ અથવા તો માણખનો વગાર કરી મસાલા નાખી પોતાના ટેસ્ટને અનુકૂળ બનાવી પછી જ ખાઈએ છીએ. એવી જ રીતે શાકાહારી ખોરાકને પણ ગરમ અથવા ઠંડા પાણીમાં ઉકાળીને તેલ અથવા માણણનો વગાર કરીને મસાલા નાખીને ખાઈએ છીએ. શાકાહારી ખોરાક પણ કાચો ખાવા ટેવાયેલા નથી અથવા ખાતા પણ નથી. આનો અર્થ એ થાય કે કોઈ પણ પ્રકારનો ખોરાક માંસાહારી હોય કે શાકાહારી હોય તેને ગરમ કરીને જ ખાતા હોય છે. અને હા, તેમાં અગત્યની વસ્તુ મસાલા છે અને તેમાં પણ મીઠું, મરચું અને તેલનો વગાર અગત્યનો છે.

તન દુરસ્તી
મહેન્દ્ર ગજ્જર
ડૉ. દિનેશ રાઠોડ

ખોરાકમાં અગત્યની વસ્તુ મસાલા થાય. બંને પ્રકારના ખોરાકમાં સામાન્ય રહે છે. મસાલા ખાસ કરીને મીઠું, મરચું અને તેલ. કોઈ પણ પ્રકારનો ખોરાક ખાવ તેમાં છે મસાલો, મીઠું, મરચું અને હળદર અને તેજાના. પણ આપણે જે પદ્ધતિની હવે ચર્ચા કરીશું તે ભોજનની નવી પ્રથામાં અગ્નિ એટલે ગરમીની ગેરહાજરી હશે. માંસાહારી અને શાકાહારી બંને ખોરાકમાં એટલે ગરમીની હાજરી જરૂરી છે. જયારે ભોજનની નવી પદ્ધતિથી એવો પણ અવાજ ઉઠાવવામાં આવે છે કે તેનાથી શરીર તંદુરસ્ત રીતે જીવી શકાય છે. કોઈ પણ પ્રકારના રોગ થતા નથી. અને જે રોગ થયેલા હોય તો મટી જાય છે. એનાથી ઘણા બધા લોકોને કેન્સર, ડાયાબિટીસ જેવા રોગો મટી ગયા છે અને રોગમુક્ત થયા છે. આવતી વખતે ભોજનની નવી પદ્ધતિ કેવી રીતે શરૂ કરવી એના ઉપર ચર્ચા કરીશું. ખાસ આગ્રહ છે વાંચજો અને તેનું પાલન કરજો અને ભોજનની નવી પદ્ધતિ અપનાવજો.

(પૂર્ણ)

ગુજરાતમાં કોંગ્રેસ કે ભાજપા? કોની વિચારધારા જીતશે?

આજે દેશભરમાં જ્યારે આપણા ગુજરાતીના ગૌરવસમા ન.મો. લોકપ્રિયતાની ટૉચે છે ત્યારે તેનો લાભ આપણી ગુજરાતની ભાજપા સરકારને કેમ નથી મળતો ? એ એક સંશોધનનો વિષય છે. આ વિશેનું આત્મમંથન પક્ષના મોટા નેતાઓ કેમ નથી કરતા એ આશ્ચર્ય ઉપજાવે છે. ગત વિધાનસભા ચૂંટણીમાં ભાજપાની ઈજ્જત માંડ માંડ બચી ગઈ. અને સરકાર પણ બચી ગઈ. ધારો કે ભાજપા હારીને કોંગ્રેસ સત્તા પર આવી હોત તો ? વિશ્વભરમાં ગુજરાતીનો અને દેશનો ડંકો વગાડીને તમામ ગુજરાતીની ગજ ગજ છાતી ફૂલાવનાર ન.મો. દેશના લોકો સામે કેવી રીતે જઈ શકેત ? પોતાના જ ઘરમાં હાર ? દિવા નીચે જ અંધારું. આ તો ઈશ્વરનો પાળ માનો કે તેણે કોંગ્રેસીઓને એવી સદબુદ્ધિ ના આપી કે તેઓ એક થઈને ચૂંટણી લડે. જો એક થયા હોત અને અગાઉથી સ્વચ્છ પ્રતિભા ધરાવનાર નિષ્ઠાવાન નેતા શક્તિસિંહને મુખ્યમંત્રી પદે જાહેર કરીને ચૂંટણી લડાઈ હોત તો આજે ચિત્ર કંઈક જુદુ હોત કદાચ સરકાર પણ કોંગ્રેસની હોતપ પણ સત્તાની વધી ગયેલી લાલચમાં એકબીજાને હરાવવા અને હંફાવવા અંદરોઅંદર એકબીજાંને કાપવાની પ્રવૃતિને કારણે ફરી એકવાર કોંગ્રેસના હાથમાં સત્તા આવતા આવતા રહી ગઈ. અને ભાજપા બચી ગઈ. અત્યારનો સમય ખરેખર બન્ને પક્ષના મોટા નેતાઓએ કાર્યકર્તાઓની સાથે બેસીને આત્મચિંતન કરવાનો સમય છે. પરંતુ આમ કરવાને બદલે શામ દામ દંડ અને ભેદની નીતિ અપનાવીને સત્તા મેળવવા અને સત્તા પર ટકી રહેવાના પ્રયત્નો જ શા માટે કરે છે એ જ સમજાતું નથી. આજે જ્યારે દેશભરમાં ન.મો.ની લોકપ્રિયતાનો ગ્રાફ ઊંચો જઈ રહ્યો છે ત્યારે અહીં ગુજરાતમાં શા માટે એવા કોઈ છમકલા કરવા જોઈએ કે જેથી પ્રજાનું મન જ ઊઠી જાય, હવે તો લોકોમાં ય ચારેબાજુ ચર્ચાઈ રહ્યું છે કે ભાજપા હવે કોંગ્રેસીઓને વીણી વીણીને ખરીદી રહી છે. ગુજરાતને કોંગ્રેસ મૂક્ત કરવા ઈચ્છે છે અને તેથી દરેક કોંગ્રેસી નેતાને તેના કદ પ્રમાણે ભાવ નક્કી કરી દેવામાં આવ્યા છે. આવી વાતો પ્રજા ચોરે,ચૌટે ને સચિવાલયે ચર્ચે છે.. માની લઈએ કે આવી વાતો ખોટી હોય પણ જે કોંગ્રેસી નેતા હજી હમણા સુધી ભાજપાની જાહેરમાં સખત ટીકા કરતા હોય, પોતાના મતવિસ્તારમાં ઘેર ઘેર ફરીને રાહુલના ગાણા ગાયા હોય, ન.મો.ની જાહેરમાં ટીકા કરી હોય અને એ જ નેતાને આજે ભાજપામાં હર્ષભેર પ્રવેશ મળે, એ કેવું કહેવાય ? પક્ષપલટો કરનારને તો ચાલો માની લઈએ કે સત્તા જોઈએ છે પણ જે સત્તાધારી છે. પ્રજાનો વિશ્વાસ જેની સાથે છે એને શું લાલચ છે ? આપણે જાણીએ છીએ કે કોંગ્રેસની ૨૦૧૭માં ૭૭ જેટલી સીટો આવી જેમાંથી ૧૪ જેટલા ધારાસભ્યોએ રાજીનામા આપી દીધા છે. અને ૧૩ જેટલા ભાજપામાં ભળી ગયા છે. અને હજીયે ઘણા ભળવાની તૈયારીમાં છે. પોતાના આંતરિક ડખાને કારણે અને વિગ્રહને કારણે અહીં કોંગ્રેસ સત્તા પર આવી શકતી નથી. પણ ભાજપા તો એક શિસ્તબદ્ધ પક્ષ તરીકેની છાપ ધરાવે છે. એમાં અનેક નિષ્ઠાવાન સ્વયમ સેવકો છે. પરિણામે ગુજરાતમાં પક્ષપલટાની રાજનીતિ ખેલવાની શી જરૂર છે ? પરંતુ થોડા દિવસો

પહેલા જ કોંગ્રેસમાંથી રાજીનામું આપ્યાના થોડા જ કલાકમાં એક કોંગ્રેસી નેતાને કેબિનેટ મંત્રીના પદ પર અને અન્યને રાજ્યકક્ષાના મંત્રીપદે બેસાડાય છે. એ મુદ્દો પ્રજાના માનસમાં બન્ને પક્ષે નેગેટિવ પરિણામ લાવી શકે છે. માની લઈએ કે પક્ષ બદલતા પહેલા રખાયેલી શર્ત પૂરી કરવામાં આવી હોય પણ બન્ને પક્ષોએ પ્રજાને આપેલા વચનોનું શું? ભાજપા એ નથી જાણતી કે આ ઘટનાની અસર આ યોજાનારી ચૂંટણીમાં કેટલી ઊંડી પડશે ? ભાજપામાં આજે પણ એવા ઘણા નેતાઓ છે, સાચા કાર્યકર્તાઓ છે. જેઓ વર્ષોથી પક્ષમાં રહીને નિષ્ઠાથી કાર્ય કરે છે. પરંતુ આવા નિષ્ઠાવાન કાર્યકર્તાઓને એક બાજુ રાખીને માત્ર અને માત્ર સ્વાર્થ ખાતર બહારની વ્યક્તિને ઉચ્ચ સ્થાને બેસાડવી કેટલે અંશે યોગ્ય છે ? એવું પ્રજા ચોક્કસ વિચારતી હોય છે. હજી હમણા જ દેશની ચાર વિધાનસભામાંથી ત્રણ કોંગ્રેસ જીતી ગઈ છે. એમાં ભાજપાની હારના કારણો તપાસવાની જરૂર છે. અને એ તપાસ ઉપરથી કોઈ વરિષ્ઠ બે ચાર નેતાઓની સમિતિ બનાવીને નહીં પણ ત્યાના સ્થાનિક લોકો અને કાર્યકર્તાઓની સાથે થોડા દિવસો રહીને કરી શકાય. આવી જ સ્થિતિ ૨૦૧૭માં ગુજરાતમાં બનતા બનતા રહી ગઈ. ગુજરાતની જનતા અને આ લખનાર પણ ઇચ્છે છે કે દેશમાં હજીયે દસ વર્ષ ન.મો.ની સરકાર રહે. અને ન.મો. દેશને વિશ્વની મહાસત્તા બનાવે. પરંતુ ગુજરાતમાં આજે કંઈક જુદું જ ચાલી રહ્યું છે. ન.મો. ગુજરાતમાં મુખ્યમંત્રી તરીકે હતા ત્યારે એમનો જે જાદુ કે પ્રભાવ હતો તે હવે અહીં નથી રહ્યો. એવી કોઈ કરિશ્માઈ લીડરશીપ આજે નથી. એવું પ્રજા અનુભવે છે. આમ છતાંય ન.મો.ના નામને આધારે પ્રજાએ ફરી એકવાર પાંચ વર્ષ ભાજપાને આપ્યા. પણ કહે છે ને કે વ્યક્તિ જેમ જેમ ઊંચે ચડતો જાય છે તેમ તેમ તેને નીચેના તમામ માણસો સાવ નાના દેખાવા લાગે છે. શું અહીંની નેતાગીરીમાં આવું તો નથી બની રહ્યું ને? એટલે બધે ઊંચે પણ ના જવું જોઈએ કે જ્યાથી જેમ પ્રજા તમને નથી દેખાતી તેમ પ્રજાને પણ તમે દેખાતા બંધ થઈ જાવ. અને પ્રજા બીજા કોઈને સત્તા પર બેસાડી દે.

મોરપીંછના રંગ
ડૉ. કનૈયાલાલ ભટ્ટ

આ લોકસભાની ૨૬ સીટમાંથી કમ સે કમ ૨૪ સીટ ન.મો.ને મળવી જોઈએ. તો જ તેઓ ફરીથી સહેલાઈથી બીજા પાંચ વર્ષ વડાપ્રધાન બની કામ કરી શકશે. પરંતુ આ માટે અહીના ભાજપી નેતાઓએ સૌએ મળીને આત્મમંથન — આત્મચિંતન કરવાની જરૂર છે. કોંગ્રેસ સત્તા પર હતી ત્યારે એ જે રસ્તા પર ચાલતી હતી તે રસ્તે ચાલવાની ભાજપાએ શરુઆત કરી હોવાનું પણ ચર્ચાય છે. તત્કાલીન સત્તા મેળવવામાં કદાચ સફળતા મળશે. પણ પછી પ્રજા સત્તા ઉપરથી એવી રીતે ઉખેડી નાખશે કે બીજી વાર સત્તા પર આવતા વર્ષોના વર્ષો વિતી જશે. જે હાલ આજે કોંગ્રેસના છે.

ભાજપા અને કોંગ્રેસએ સમજી લેવું જોઈએ કે હવે આ ૨૧મી સદીની હાઈટેકનોલોજીથી સજ્જ, ઉચ્ચ વિચારધારા અને તમામ પ્રકારની રાજનીતિના કાવાદાવા સમજનારી શિક્ષિત પ્રજા છે. આ ગ્રામકક્ષાની ભોળી પ્રજા નથી. તેમના હાથમાં પણ સ્માર્ટ ફોન છે. ઘરમાં ટી.વી.ની તમામ ચેનલો છે. અખબારો છે. આજે ગામડાની પ્રજા પણ સાચું ખોટું સમજે છે. વળી જે એક જગ્યાએ સ્વાર્થ માટે વિશ્વાસઘાત (પક્ષપલટો) કરે તે બીજા પક્ષની પ્રજા કે નેતાઓ પાસે નિષ્ઠાની વાત કંઈ રીતે કરી શકશે? જે પોતાના સ્વાર્થ માટે પોતાના જ લાખો મતદારોનો વિશ્વાસઘાત કરીને પક્ષપલટો કરે એને પ્રજા બીજી વાર કંઈ રીતે પસંદ કરી શકે ?

હવે આ મહિનો સતત જાહેર સભાઓ, વચનો, મુદ્દાઓ, ઘટનાઓ, રેલીઓ, આક્ષેપો અને પક્ષપલટાઓનું મોટું મહાભારત ખેલાવાનું છે. પ્રજા બધુ જ ધ્યાનથી જોવાની છે. સમજવાની છે. જે પક્ષ માત્ર ને માત્ર બીજાની ટીકા કર્યા કરશે એને એનું પરિણામ મળવાનું જ છે. ભાજપાએ બીજાની ટીકા કરવા કરતા પોતાના કાર્યો પ્રજા સામે મુકે, નવા ભારતના નિર્માણની વાતો કરે, રાષ્ટ્રીય સુરક્ષાની વાત કરે, શિક્ષણ અને સમાજવ્યવસ્થાની વાત કરે, ભાવિ પ્રગતિ ને વૈશ્વિક સિદ્ધિઓની વાત કરશે તો પ્રજાને ગમશે. બાકી બીજાની લીટી નાની કરીને પોતાની લીટી મોટી હવે થઈ શકવાની નથી. અને જો કોઈપણ પક્ષ એવું કરશે તો આ લોકસભાની ચૂંટણીમાં જ ખબર પડશે. શું બન્ને પક્ષના કાર્યકરો નિષ્ઠાથી કામ કરશે ખરા ? કેમ કે બધાને સાચવવા શક્ય પણ નથી.

પહેલા પક્ષો, નેતાઓ પ્રજાને રમાડતા હતા. હવે અત્યારની પ્રજા પક્ષો અને નેતાઓને રમાડે છે. એમનો ખેલ જોઈને, સમજીને મત આપે છે. દેશમાં તો ન.મો.ને વાંધો નહી જ આવે. કેમ કે તેઓ એ 'જબ્બર' કામ કરીને પ્રજાનો પ્રેમ જીત્યો છે. પણ ગુજરાતમાં આજે ૨૬માંથી ૧૦/૧૨ની સ્થિતિએ કે આવતી વિધાનસભામાં ભાજપા સત્તાવિહોણી ના બને તે અહીની નેતાગીરીએ જોવાનું રહેશે. પ્રજા તો ઇચ્છે છે કે ગુજરાતમાં હજીયે ભાજપા રહે પણ એ સત્તાની તાકાતથી નહી, કામની તાકાતથી, વિકાસની તાકાતથી અને પ્રજા વિશ્વાસની તાકાતથી.

'ફૂલ' બનવાની કયાં નવાઈ છે..!

'ઓ ભાઈ તું ટાઢા પહોરની હાંક નહી...' શું સાવ ફેંકા-ફેંક કરે છે.... '....' ઓ હેલ્લો મને તો આ ગપ્પુ જ લાગે છે... '....' ના હોય ? હાચ્ચે જ એવા સમાચાર છે ? ક્યા ? ટીવીમાં તો કાઈ આવતું નથી..'...સી, પ્રશ્નો અને આશ્ચર્યોના અનેકો પ્રકાર હોય શકે છે પણ આ બધા પાછળ મકસદ તો એક જ રહેવાનો અને એ છે કોઈને ઉલ્લુ બનાવવાનો...! ઉલ્લુ બોલે તો ઉલટા લટકાને કા બીદું...! જી હા, આમ તો માર્ચ એન્ડીંગની પળોજળમાં ફસે હુયે ઈન્સાનોકો કલ યાનીકી પહેલી એપ્રિલકી કોઈ જ્યાદા ઈફેક્ટ નહિ હોતી હૈ...ફિર ભી કાલે એપ્રિલનો પહેલો દિવસ યાની કી એપ્રિલ ફૂલ બનાવવાનો અને બનવાનો સુભગ સયોંગ સર્જાવાનો છે એ જસ્ટ જાણ ખાતર...!

આમ તો શું છે કે વી ધ પીપલ ને 'એપ્રિલ ફૂલ' બનવાની બહુ કાઈ નવાઈ રહી નથી. નિર્દોષ આનંદની વાત છોડો પણ ડગલેને પગલે ક્યાંક ને ક્યાંક અને રોજ ને રોજ હું ને તમે એપ્રિલ ફૂલ બનતા જ આવીએ છીએ એટલે શું છે કે 'ફૂલ' બોલે તો મૂરખ બનવા માટે કોઈ પેસીઘ્લ દિવસની ક્યા જરૂર જ છે ?! શું કિયો છો...? હવે એવું ક્યા છે કે કોઈ અંગત...દોસ્ત કે સગા-સંબંધી જ એપ્રિલ ફૂલ અને એ પણ ફર્સ્ટ એપ્રિલે જ બનાવે, હવે તો બારે મહિના અને ત્રણસો પાસઠે દહાડા ક્યાંક ને ક્યાંક ઉલ્લુ ઉફ્ફ્ફ્ફ આઈ મીન એપ્રિલ ફૂલ બનતા જ રહીએ છીએ..હૈ કી નહિ ? અને જાણવા છતાં પણ બનતા હો રહીએ છીએ. ટીવી-છાપામાં અનેકો બનાવો ફ્રોડ અને કપટના આવે છે તોયે આપણામાંથી કેટલાયે એટીએમ પીનથી લઈને ક્રેડીટ કાર્ડના ફ્રોડના શિકાર બનીએ જ છીએ ને...? 'અંકલ તમારા પૈસા પડી ગયા' આવું કહીને ૧૦-૨૦-૧૦૦ની નોટ વીણવા સ્કુટર રોકીને ઉતરેલો પેલો જ્યારે સ્કુટરમાં લટકાવેલો પૈસા ભરેલો થેલો ગઠીયો ઉપાડી ગયો એમ જાણે ત્યારે પોતાની લાલચની સાથે સાથે મૂર્ખતા પર પણ ગુસ્સે થાવાનો જ...! ભલે ને એને ફ્રોડ કહો પણ થયું તો એપ્રિલ ફૂલ જ ને...? જાણવા છતાં અથવા તો માન્યામાં ના આવે એવી વાત હોય છતાં પણ એમાં ખેંચાવું એ વન ટાઈપ ઓફ ફૂલ જ છે...!

કોઈને પણ પૂછો કે પછી સર્વે કરાવો કે 'સૌથી વધુ એપ્રિલ ફૂલ' કોણ બનાવે છે ?' તો ૧૦૦ માંથી ૯૯ કહેશે કે 'રાજકારણીઓ...!' ખીખીખીખી અને એમાયે અત્યારે તો ઈલેક્શનની મોસમ છે એટલે યુ કેન ફિલ ધ એપ્રિલ ફૂલ ઈફેક્ટ મોર..! ફૂલ બનાવવાની રમત ચરમસીમા પર છે. હવે તો રીઝલ્ટ આવે ત્યારે જ ખબર પડશે કે કોણે કોને 'એપ્રિલ ફૂલ 'બનાવ્યા...? એક્ચ્યુલી રીઝલ્ટ મે માં છે તો 'મે ફૂલ' કહી શકાય... લોલ્ઝઝ્ઝ્ઝ...! યસ, સો ટકા સાચી વાત છે કે વગર એપ્રિલે પણ જો કોઈ આપણને વધુમાં વધુ એપ્રિલ ફૂલ રમાડતા હોય તો એ છે અવર પોલીટીશીઘ્સ...! ''બુરા ના માનો હોલી હૈ' ભલે ને હમણાં જ ગઈ હોય પણ રાજકારણીઓએ આ વાક્યનું બુરું લગાડવાની છૂટ છે...! વચનોની ભરમાર અને વાયદાઓની વહેચણી એ બીજું કાઈ નહિ પણ એક પ્રકારનું એપ્રિલફૂલ જ છે. તકતીઓ લગાડ્યા પછી...ખાતમૂહરતો કર્યા પછી... વાયદાઓ આપ્યા પછી... પણ ના થયેલા કામો એ એપ્રિલ ફૂલ જ છે...! ખેર રાજકારણ આખ્ખે આખ્ખું જ બેઝીકલી ફૂલ બનાવવાની ગેમ પર રચાયેલું છે એમાં તો ખુદ નેતાલોગ પણ ના નહિ પાડે...! જો કે ઘણી વખત લોકો પણ સભાઓમાં લાખોની મેદનીમાં આવ્યા હોવા છતાં પણ બીજાને ચૂંટી કાઢે ત્યારે રાજકારણીઓનો દાવ થઈ જાય અને પ્રજા એમને એપ્રિલ ફૂલ બનાવે એવું પણ બને જ છે...! આને કહેવાય તેરા તુજકો અર્પણ...!

જનરલી એપ્રિલ ફૂલ દિવસનું મોરલ એ છે કે આ દિવસે ફૂલ બનનાર ખોટું ના લગાડે કેમકે ઓફીસ્લી આ દિવસે કોઈને ફૂલ બનવાનો અને બનાવવાનો હક્ક છે પણ રોજબરોજ એટલા બધા ફૂલ આપણે બનીએ છીએ કે હવે કોઈને ફૂલ બનાવીને કહો કે 'હેપ્પી એપ્રિલ ફૂલ ડે' તો સામો જવાબ મળે કે 'આની ક્યાં નવાઈ છે ?'...! ખાલી વર્બલી ફૂલ બનવાની ક્યા માંડો છો... હવે તો ડીજીટલ ફૂલ ડે પણ હાજર છે અને એ પણ ઓલ્મોસ્ટ એવરીડે...!ઓનલાઈન સેલ આનું જવલંત ઉદાહરણ છે. 'મોબાઈલ માત્ર ૧૦૦૦૦ માં '...' ૫૦% ઓફ પ્રાઈઝ સેલ' ... 'એક રૂપિયામાં ટીવી' ...જેવી લીંકો ક્લિક કરો ને ક્યા તો આઉટ ઓફ સ્ટોક આવે કે પછી શરતોને આધીન ફૂદડીવાળી વાત વાચો એટલે ફૂલ બન્યાની ફીલિંગ આવી જ જાય..! ખેર એને તમે માર્કેટિંગ ગીમીક્સમાં ગણાવી શકો પણ લીંક ક્લિક કરીને ત્યાં પહોચનાર તો ફૂલ જ બની ગયો કે નહિ...?

રગળપાટ
અજય ઉપાધ્યાય

આ વખતે પહેલી એપ્રિલ રવિવારે છે એટલે આ લખનારે જેમ એના પર લખ્યું છે એમ રવિવારની રજાની મજા લેવા છાપા અને ટીવી માં ફૂલ ન્યુઝ આવવાના...પણ સાચું કહું તો આગળ લખ્યું એમ સતત ફૂલ બનતા રહેતા મારા-તમારા જેવા આમ ઈન્સાનો માટે એપ્રિલની પહેલી તારીખે મજા માટે બનાવતા 'ફૂલ ન્યુઝ' એટલા બધા એક્સાઈટ નથી કરતા..! ઠીક છે હસી-ખુશી માટે બે ઘડી 'એપ્રિલ ફૂલ બનાયા તો ઉનકો ગુસ્સા આયા' બબડવું ગમે છે પણ ચારેકોર